# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૧૯ તા.૨૯-૦૨-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- તમામ શાળાઓનું રજીસ્ટ્રેશન (National Scholarship Portal) પર કરવા બાબત.

સંદર્ભ :-(૧) વડી કચેરીના પત્ર ક્રમાંક નં.અજાક/ગ-૧/૫/૨૩-૨૪/૪૨૩-૪૫૮, તા.૦૭-૦૨-૨૦૨૪

(૨) નં.ના.નિ/અજાક/શિક્ષણ/૨૦૨૩-૨૪/૨૫૩૫ થી ૨૫૪૫ નાયબ નિયામકશ્રી અનુ. જાતિ કલ્યાણની કચેરીનો તા.૨૭-૦૨-૨૦૨૪નો પત્ર.

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે નિયામક અનુસુચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય,ગાંધીનગર ખાતા હસ્તકની Pre. Metric Scholarship to the children whose parents are engaged in occupations involving Cleaning and Prone to Health Hazards (BCK-4) યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫ માટે કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મળેલ સુચના મુજબ વિદ્યાર્થીઓનું (National Scholarship Portal)(NSP) (https://scholarships.gov.in/) પર રજીસ્ટ્રેશન કરવું ફરજીયાત છે. જે વિદ્યાર્થીએ NSP પોર્ટલ (https://scholarships.gov.in/) પર રજીસ્ટ્રેશન કરેલ હશે તે જ વિદ્યાર્થીઓ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર સ્કોલરશીપ યોજનામાં શિષ્યવૃત્તિ લઇ શકશે. National Scholarship Portal પોર્ટલ પર વર્ષ ૨૦૨૪-૨૫ના વર્ષનું રજીસ્ટ્રેશન કરવાનું થાય છે.આ સાથે સામેલ સંદર્ભિત પત્ર મુજબ અમલ કરવાનું રહેશે. જો કોઇ લાભાર્થી વિદ્યાર્થી પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિથી વંચિત રહેશે તો તેની સઘળી જવાબદારી જે - તે મુખ્ય શિક્ષકશ્રીની રહેશે. જેની નોંધ લેશો.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૨૯-૦૨-૨૦૨૪

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

નાયબ નિયામક અનુ.જાતિ કલ્યાણ ની કચેરી અમદાવાદ
એ બ્લોક , ૧૦મો માળ, બહુમાળી ભવન, લાલ દરવાજા
અમદાવાદ ફોન-.ફેકસ- (૦૭૯) ૨૫૫૦૧૧૨૩
Email : dbcwo-ahd@gujarat.gov.in

ને.ના.નિ/અજાક/શિક્ષણ/૨૦૨૩-૨૪/ ૨૫૩૫ થી ૨૫૪૫ તા.૨૭/૦૨/૨૦૨૪

**૧. પ્રતિ,**
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (શહેર)**
**બહુમાળી મકાન,**
**વસ્ત્રાપુર, અમદાવાદ**

**૨. પ્રતિ,**
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (ગ્રામ્ય)**
**બહુમાળી મકાન,**
**વસ્ત્રાપુર, અમદાવાદ**

**૩. પ્રતિ,**
**શાસનાધિકારીશ્રી,**
**નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,**
**નવરંગપુરા,**
**અમદાવાદ.**

**૪. પ્રતિ,**
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,**
**જિલ્લા પંચાયત,**
**અમદાવાદ.**

વિષય :- તમામ શાળાઓ/કોલેજો/સંસ્થાઓનું રજીસ્ટ્રેશન (National Scholarship Portal) પર કરવા બાબત (https://www.digitalgujarat.gov.in)

સંદર્ભ :- વડી કચેરીના પત્ર ક્રમાંક નં.અજાક/ગ-૧/૫/૨૩-૨૪/૪૨૩-૪૫૮, તા. ૦૭/૦૨/૨૦૨૪

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર ખાતા હસ્તકની નીચે મુજબની કેંદ્ર પુરસ્કૃત યોજનાઓનો અમલ ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત (https://www.digitalgujarat.gov.in) કરવામાં આવે છે.

1.Post Matric Scholarship for SC Students (GOI) (BCK-6.1) (With FreeshipCard & Without FreeshipCard Both)
2.Pre Matric Scholarship for SC Students (Std: 9 & 10) (BCK-35)
3.Pre. Matric Scholarship to the children whose parents are engaged in occupations involving Cleaning and Prone to Health Hazards (BCK-4)

ઉપર મુજબની યોજનાઓ અંતર્ગત વર્ષ: ૨૦૨૪-૨૫ કેંન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મળેલ સૂચના મુજબ વિધાર્થીઓનું National Scholarship Portal (NSP) (https://scholarships.gov.in/) પર રજીસ્ટ્રેશન કરવુ ફરજીયાત છે. જે વિધાર્થીએ NSP પોર્ટલ (https://scholarships.gov.in/) પર રજીસ્ટ્રેશન કરેલ હશે તે જ વિધાર્થીઓ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર

સ્કોલરશીપ યોજનામાં શિષ્યવૃત્તિ લઇ શકશે. National Scholarship Portal પોર્ટલ પર વર્ષ:૨૦૨૪-૨૫ ના વર્ષનું રજીસ્ટ્રેશન કરવાનું થાય છે.

ઉક્ત યોજનાઓ પૈકી ક્રમ નં:૧ પરની યોજના અંતર્ગત National Scholarship Portal પર વિદ્યાર્થીઓએ જાતે જ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે જ્યારે ક્રમ નં :૨ તથા ક્રમ નં:૩ પરની યોજનાઓની તમામ કામગીરી શાળાના આચાર્યશ્રી મારફત કરવામાં આવતી હોય તે યોજના અંતર્ગત National Scholarship Portal પર પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન જે તે શાળાના આચાર્યશ્રીએ કરવાનું રહેશે.

- **National Scholarship Portal (https://scholarships.gov.in/) પર રજીસ્ટ્રેશન કરવાની પધ્ધતિ:**

➔ કેંદ્ર સરકારશ્રીની શિષ્યવૃત્તિ યોજનાની વેબસાઇટ: https://scholarships.gov.in ઓપન કરી "New Registration" પર કલીક કરવું.

➔ "New Registration" ક્લીક કર્યાબાદ "Register for Pre-Matric Scholarship and Post Matric Scholarship Scheme for SC Students for AY 2024-25" પર ક્લીક કરવુ.

➔ ત્યારબાદ જરૂરી તમામ સૂચનાઓ વાચી "Undertaking" આપી "Continue" બટન પર ક્લીક કરવુ.

➔ ત્યારબાદ માંગવામાં આવેલ તમામ વિગતો સાવચેતીક પૂવર્ક ભરી "Register" બટન પર ક્લીક કરવાનું રહેશે.

➔ ત્યારબાદ જે નંબર પોર્ટલ દ્રારા જનરેટ થાય છે તેને સાચવીને રાખવાનો રહેશે અને આ નંબર જ્યારે ડિજિટલ ગુજરાત પોર્ટલ પર વિધાર્થીઓના ઓનલાઇન ફ્રોર્મ ભરવામાં આવે ત્યારે ઓનલાઇન નાખવાનો રહેશે. ઉક્ત યોજનાઓમાં ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કેવી રીતે અરજી/દરખાસ્ત કરવાની છે તેની સમજ દર વર્ષે શાળા/કોલેજને જે પરીપત્ર મોકલવામાં આવે છે તેમાં અલગથી આપવામાં આવશે.

વર્ષ: ૨૦૨૪-૨૫ થી ઉક્ત દર્શાવેલ ૩ યોજનાઓ અંતર્ગત જે વિદ્યાર્થીએ National Scholarship Portal પર રજીસ્ટ્રેશન કરેલ હશે તે જ વિદ્યાર્થી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર અરજી/દરખાસ્ત કરી શકશે જેની સમજ આપની કક્ષાએથી આપના તાબા હેઠળની તમામ શાળા/કોલેજનાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પણ આપવાની રહેશે. જેની જાણ થવા વિનંતી છે.

**નાયબ નિયામક**
**અનુસુચિત જાતિ કલ્યાણ અમદાવાદ**

**<u>નકલ સવિનય રવાના :-</u>**

**૧. પ્રતિ, માન. રજીસ્ટારશ્રી, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ. આપના તાબા હેઠળની ફકત અમદાવાદ જિલ્લાની કોલેજોના આચાર્યશ્રીઓને જાણ કરવા સારૂ.**
**૨. પ્રતિ, માન. રજીસ્ટારશ્રી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, વિસત રોડ, ચાંદખેડા, અમદાવાદ. આપના તાબા હેઠળની ફકત અમદાવાદ જિલ્લાની કોલેજોના આચાર્યશ્રીઓને જાણ કરવા સારૂ.**
**૩. પ્રતિ, માન. રજીટારશ્રી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, છારોડી, અમદાવાદ.**
**૪. પ્રતિ, ઔધોગિક તાલીમસંસ્થા, કુબેરનગર, અમદાવાદ. આપના તાબા હેઠળની ફકત અમદાવાદ જિલ્લાની ITI ના આચાર્યશ્રીઓને જાણ કરવા સારૂ.**
**૫. પ્રતિ, માન. રજીસ્ટારશ્રી, ગુજરાત નર્સિંગ કાઉન્સિલ. સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અમદાવાદ.**
**૬. તમામ અમદાવાદ જિલ્લાની ખાનગી યુનિવર્સિટીઓ / કોલેજો તરફ જાણ સારૂ.**